દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬

હવે સપ્ટેમ્બરમાં પણ ઓછા વરસાદ માટે તૈયાર રહો

આ વર્ષે ચોમાસાની ગતિ ઘણી વિચિત્ર રહી છે. અલ-નીનોને કારણે નૈઋત્યનું ચોમાસુ નબળું રહેશે તેવી આગાહી હતી જ, અને તે મુજબ જૂન મહિનો લગભગ કોરો રહ્યો. જૂનના અંત ભાગે વરસાદની શરૂઆત થઇ પરંતુ પછી જુલાઇના કેટલાક દિવસો દરમ્યાન દેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદની ઘટનાઓ પણ બની. આપણા દક્ષિણ ગુજરાત અને પાડોશના મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં અમુક દિવસો દરમ્યાન અતિ ભારે વરસાદ થયો. મહારાષ્ટ્ર અને કેરળના કેટલાક ભાગોમાં તો ભારે નુકસાન પણ થયું. હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો. પરંતુ બાદમાં ગુજરાત સહિત અનેક વિસ્તારોમાંથી વરસાદ ખોરવાઇ ગયો. દેશના અનેક ભાગોમાં વરસાદ ખેંચાઇ ગયો હતો ત્યારે રાજધાની દિલ્હી સહિતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પણ પડ્યો. પરંતુ ઓગસ્ટ મહિનો તો દેશના મોટા ભાગના વિસ્તારોમાં લગભગ કોરો જ રહ્યો છે. હવે ભારતીય હવામાન વિભાગે સોમવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે સમગ્ર ભારતમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન માસિક વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની સૌથી વધુ શક્યતા છે. એટલે કે ઓગસ્ટ પછી સપ્ટેમ્બર મહિનો પણ વરસાદની ઘટ સાથે જ પુરો થાય તેવી પુરી શક્યતા છે.

હવામાન વિભાગે એમ પણ કહ્યું કે ભારતમાં ૨૦૨૬ના ઓગસ્ટ મહિનામાં ૧૯૦૧ પછીનો સૌથી ગરમ ઓગસ્ટ અનુભવાયો હતો, જેમાં સરેરાશ તાપમાન ૨૮.૦૧ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ(LPA)ના ૯૧ ટકાથી ઓછો રહેવાની અપેક્ષા છે. LPA એટલે કે કોઇ ચોક્કસ પ્રદેશમાં ચોક્કસ સમયગાળા (જેમ કે એક મહિનો અથવા ઋતુ) માટે નોંધાયેલા વરસાદની લાંબા ગાળાની સરેરાશ, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષના ડેટા પર આધારિત હોય છે. ૧૯૭૧ અને ૨૦૨૦ વચ્ચેના ડેટાના આધારે સપ્ટેમ્બર માટે LPA લગભગ ૧૬૭.૯ મીમી છે. IMD એ વધુમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર દરમિયાન માસિક સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. એટલે કે હવે આપણે સપ્ટેમ્બર મહિનામાં પણ ઓછા વરસાદ અને સામાન્ય કરતા વધારે તાપમાન માટે તૈયાર રહેવું પડશે. IMD એટલે કે ભારતીય હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે હાલમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગર પર મજબૂત 'અલ નિનો' સ્થિતિ પ્રવર્તી રહી છે, જેમાં મધ્ય અને પૂર્વ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ જળવાઈ રહ્યું છે. તેમણે કહ્યું, "આગામી મહિનાઓમાં આ સ્થિતિ વધુ મજબૂત થવાની ધારણા છે." મોહપાત્રાના જણાવ્યા અનુસાર, ૨૦૨૬નો ઓગસ્ટ મહિનો ૧૯૦૧ પછીનો સૌથી ગરમ ઓગસ્ટ રહ્યો હતો, કારણ કે આ મહિનામાં સરેરાશ તાપમાન ૨૮.૦૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ મહિનાનું સામાન્ય સરેરાશ તાપમાન ૨૭.૩૪ ડિગ્રી સેલ્સિયસ હોય છે. તેમણે ઉમેર્યું કે ઓગસ્ટ ૨૦૨૬ માટે સરેરાશ ન્યૂનતમ તાપમાન પણ ૧૯૦૧ પછીનું સૌથી વધુ રહ્યું હતું, જે ૨૩.૬૮ ડિગ્રી સેલ્સિયસના સામાન્ય તાપમાન સામે ૨૪.૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. IMD એ જણાવ્યું કે આ મહિનામાં ૨૧૩.૩ મીમી વરસાદ નોંધાયો હતો - જે ૨૦૦૧ પછીનો સાતમો સૌથી ઓછો વરસાદ છે. આ વરસાદ ઓગસ્ટના દેશના સરેરાશ વરસાદ કરતા ૧૬ ટકા ઓછો છે. વળી, અસમાન વહેંચણીને કારણે દેશના કેટલાક ભાગોમાં તો આના કરતા પણ ઘણો ઓછો વરસાદ થયો છે. સામાન્ય કરતાં ઓછા વરસાદનું મુખ્ય કારણ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગર પર પ્રવર્તી રહેલી મધ્યમથી મજબૂત 'અલ નિનો'ની સ્થિતિ હતી. આ ઉપરાંત, ઓગસ્ટ દરમિયાન ચાર ઓછા દબાણના પટ્ટા બન્યા હતા અને તે કુલ ૨૬ દિવસ સુધી સક્રિય રહ્યા હોવા છતાં, તેમની વરસાદી પ્રવૃત્તિ મોટાભાગે ગંગાના મેદાની વિસ્તારો સુધી જ સીમિત રહી હતી, જેના કારણે દેશના અન્ય ભાગોમાં વરસાદની અછત રહી હતી.

હવે સપ્ટેમ્બર મહિનામાં પણ હવામાન વિભાગે વરસાદ ઓછો થવાની આગાહી કરી છે અને સપ્ટેમ્બર મહિનો એ સત્તાવાર રીતે નૈઋત્યના ચોમાસાનો છેલ્લો મહિનો છે એટલે આ વખતની વર્ષા ઋતુ દેશમાં વરસાદની ઘટ સાથે જ પુરી થાય તેવી પુરી શક્યતા છે. જૂનથી લઇને ઓગસ્ટના અંત સુધીમાં દેશમાં અત્યાર સુધીમાં વરસાદની એકંદરે ૧૪ ટકા ઘટ રહી છે. આમાં પણ ભારે વરસાદના ગણાતા ઓગસ્ટ મહિનામાં વરસાદની ૧૬ ટકા ઘટ રહી છે. હવે જ્યારે સપ્ટેમ્બર મહિનામાં પણ સરેરાશ કરતા ઓછો વરસાદ થવાની આગાહી છે ત્યારે જો વધુ પડતો ઓછો વરસાદ થાય તો આ ઘટ વધુ પહોળી થઇ શકે છે. દેશના મોટા વિસ્તારની ખેતી જ્યારે વરસાદ પર આધારિત છે ત્યારે સરકારે હવે અત્યારથી જ નબળા ચોમાસા પછીના સંજોગો માટેની તૈયારી શરૂ કરવી પડશે.

ગુજરાતમાં દારૂ બંધીનું અસરકારી સમાજશાસ્ત્ર

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

દારૂબંધી માફક ગુજરાત વર્ષ ૧૯૬૯ અને ૧૯૮૫નાં કોમી રમખાણો માટે પણ જાણીતું છે. ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈનાં સમયમાં અમદાવાદસ્થિત જગન્નાથ મંદિર પાસે ગાયો ચરાવવા જેવી સામાન્ય બાબતમાંથી ગરમાયેલું વાતાવરણ પછીથી આંદોલન સ્વરૂપે વ્યાપક બન્યું હતું. પરંતુ ૧૯૮૫માં કોમી રમખાણોનો પ્રારંભ અનામત અને તે પછી ચૂંટણીલક્ષી ખામ થીયરી પ્રચલિત કરવાનાં ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીનાં સમયમાં ફેલાયા હતાં. જોકે એ સમયે વડોદરા શહેરનાં કોમી રમખાણો વિષયે સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ (સુરત)નાં સંશોધનનું તારણ હતું કે શહેરોમાં મરાઠા (પ્રકારે હિંદુ), મુસ્લિમ અને ભોઈ (પ્રકારે પછાત) જાતિનાં બેરોજગારોનાં આર્થિક હિતોના ટકરાવમાંથી તોફાનો થતાં હોય છે. તે પછી ૧૯૯૦માં રામજન્મભૂમિ રથયાત્રા અને રામસેવકોની અટકાયત તેમજ ૧૯૯૨માં બાબરી ધ્વંસના પડઘા રૂપે ગુજરાતમાં કોમી રમખાણો જોવા મળ્યા.

અયોધ્યાથી પાછા ફરતા ૫૯ કારસેવકોને સાબરમતી એક્સપ્રેસનાં કોચમાં આગ લગાડી શરમજનક રીતે હત્યા કરી દેવાનાં વર્ષ ૨૦૦૨નાં કોમી તોફાનો પહેલાંનાં તમામ રમખાણો માનવસહજ પ્રતિક્રિયા હોવાનું અને વિશેષ હિંદુ-મુસ્લિમ દ્વેષ જેવી ભાવનાને કારણભૂત ગણી શકાય તેમ નથી, તેવું સમાજશાસ્ત્રીય અભ્યાસોનું તારણ છે.

ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈથી શ્રી નરેન્દ્રભાઈ સુધીના યુગમાં પાંચ આંદોલનો થયા, પરંતુ ૧૯૭૩-૭૪ અને તે પછી વર્ષ ૧૯૯૦-૯૪ દરમિયાન ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈ પટેલનાં સમયમાં કોઈ કમ્યુનલ રાયટ્સ થયાનું નોંધાયું નથી. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ડો. ચિમનભાઈ પટેલનાં બીજા કાર્યકાળમાં ગુજરાત પોલીસે નિયમ વિરુદ્ધ દારૂ બનાવનાર, વહેંચનારને સામાજિક શાંતિ માટેનાં માઈક્રો મેનેજમેન્ટ સાથે જોડતાં તે પછીનાં સમયમાં ડ્રાય સ્ટેટમાં નિયમ વિરુદ્ધ દારૂનાં રીઢા ગુનેગારોની ધરપકડ માટે પાસા અંતર્ગત કાગળો તૈયાર રાખવામાં આવતા થયા. બિઝનેસ મેનેજમેન્ટ જેને થીયરી ઑફ વિન-વિન તરીકે જાણે છે, તે અનુસાર દારૂબંધી ધરાવતાં ગુજરાતમાં બનાવનાર, વહેંચનાર, પીનાર અને તંત્ર સહુમાં સમાન ભાગે લાભની પ્રથા શાંતિથી કાર્યાન્વિત થતાં, સરવાળે ગુજરાતમાં શેરી-મહોલ્લામાં દારૂનાં વેચાણ કેન્દ્રોએ જ શાંતિ સ્થાપકની જગ્યા લીધી છે અને કમ્યુનલ હાર્મની જળવાઈ રહ્યું હોય તેવું સમાજ તરફી અવલોકન રહે છે.

પ્રતિવર્ષ ૧૨૦૦૦ કરોડની એક્સાઇઝ તથા ૧૬૦૦૦ કરોડ આસપાસ જકાત ગુમાવનાર ગુજરાત રાજ્યનું મહેસૂલ ખાતું પણ આજે ૧ મે ૧૯૬૦થી એટલે કે ૬૬ વર્ષ પછી પણ ગુજરાત રાજ્યને દારૂબંધીના સકંજામાંથી છોડાવી શકતું નથી. પ્રતિ વર્ષ વિદેશથી આવતા ૪૭,૦૦૦ પ્રવાસીઓને નિયમસર ચાંદલો સ્વીકારી પરમિટ આપે છે. વિશેષ મોબાઈલ આધારે દારૂની બ્રાન્ડ, ડિલિવરી ટાઈમ, બેંકમાં જમા કરવાની રકમ જેવી લે-વેચ અમૂલના દૂધ માફક સુચારુ રૂપે ચાલતી જોવા મળે છે. આમ છતાં સરકાર નાગરિકોની વ્હારે લોકમત ટાળી શકતો નથી.

ગુલામીકાળમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વર્ષ ૧૭૭૩માં ખેડૂતોને અફીણની ખેતી અને વેપાર માટે પ્રેર્યા. બિહાર, બંગાળ અને ઉત્તર પ્રદેશના ખેડૂતોનું નશામાં રોકાણ ચીનમાં વહેંચી અંગ્રેજો બે-તરફી કમાણી કરતાં.

સ્વરાજની લડત સમયે પ્રજાની ઉત્પાદકતા અને નશાયુક્ત સ્થિતિનું વિષચક્ર તોડવા મહાત્મા ગાંધીએ 'માનવ આત્માની મૌલિકતા અને સ્વ ઉપરના માનવીય નિયંત્રણને પ્રાધાન્ય' આપતાં ગરીબ અને શ્રમિક વર્ગને શોષણથી મુક્ત કરવા પૂર્ણ દારૂબંધીની હિમાયત કરી. વિશેષ હરિજન સામયિકમાં નોંધ્યું કે, 'મને કોઈ એક દિવસ માટે સત્તા આપે તો હું સહુ પહેલા કોઈને પણ વળતર આપ્યા વિના તમામ દારૂનાં અડ્ડા બંધ કરાવું.'

પરંતુ હજારો વર્ષની પરંપરાથી સોમ-રસથી સભર ૫૬૨ દેશી રજવાડાંના સ્વતંત્ર ભારતમાં વ્યસન મૂકતી તો શક્ય જ નહોતી, તેમ પ્રજાસત્તાક ભારતના બંધારણમાં દારૂબંધીનો ઉલ્લેખ શક્ય નહોતો, પરંતુ ગુજરાતે ગાંધીના વારસદાર તરીકે દારૂબંધી જાળવી રાખી છે. જોકે આઝાદી પછી ૮૦ વર્ષે પ્રજા અને રાજા હળી-મળી આંખ આડા કાન ધરી રાખે છે. જે સંબંધે ગુજરાતમાં નશાબંધી વિષયે રાજ્યનું પ્રતિષ્ઠિત અખબાર જણાવે છે તેમ, 'સરકારે વિધાનસભામાં આપેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫નાં સંકલિત આંકડા મુજબ એકલા ભાવનગરમાં રૂ. ૧૦.૬૬ કરોડનો દારૂ ઝડપાયો છે.' અહેવાલ નોંધે છે કે છેલ્લા ૮ વર્ષમાં અંદાજે ૧૦૦થી વધુ લોકો ઈથેનોલ, મિથેનોલ મિશ્રિત લઠ્ઠો પીવાથી પરિવારને નિરાધાર મૂકી ગયા છે.

સાપુતારા, આબુ અને દીવમાં ખુશી-ખુશી દારૂ પીવા જતા ગુજરાતી પ્રવાસીઓની પસંદગીનો દારૂ પછીથી રાજસ્થાન, મહારાષ્ટ્રથી ટ્રક ભરી-ભરી પહોંચતો રહે છે. અને આથી જતાં વર્ષ ૨૦૨૦-૨૫ દરમિયાન એકલા બુટલેગરો સામે ૪૮,૦૦૦ ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. તેથી વિશેષ ૬,૫૨૯ પોલીસ અધિકારીઓ અને ૨૩,૫૫૫ પોલીસ કોન્સ્ટેબલો સામે ખાતાકીય કાર્યવાહી થઈ છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે અનુસાર એકલા ગુજરાતમાં ૫.૨ ટકા એટલે કે લગભગ ૨૦,૦૦,૦૦૦ નાગરિકો દારૂનું સેવન કરે છે. ક્રાઇમ બ્યુરોના રિપોર્ટ મુજબ દેશમાં સૌથી વધુ ૩.૫૨ લાખ દારૂબંધીના કેસ માત્ર ગુજરાતમાં નોંધાયા છે, જે પોલીસ કચેરીમાં નોંધાતા કુલ ગુનાઓના ૫૫ ટકા રહ્યા છે. ત્યારે કહેવું પડે, ગુજરાતમાં દારૂ જ નહિ, દારૂબંધી પણ નકલી છે.

ગાંધીના ગુજરાતમાં ગાંધીનગરમાં જ ગિફ્ટ સિટીને દારૂની પરમિટ સાથે શણગારવામાં આવી છે. તેમ નશાબંધી વિભાગ ઉદાર ભાવે પરમિટ પણ ફાળવી રહ્યું છે. ત્યારે ડ્રાય સ્ટેટનો મુખોટો શા માટે? ગુજરાતમાં તો હવે કોઈ ગાંધીજન પણ નશાબંધીના મૂલ્યનિષ્ઠ ગુજરાત માટે હિમાયત કરતું નથી. સામા પક્ષે દારૂબંધીથી વ્યક્તિગત કમાણી કરતાં તંત્રવાહકોની દલીલ રહે છે, જણાવે છે કે, 'ટ્રેનમાં ૧૦ ટકા મુસાફરો વગર ટિકિટે મુસાફરી કરતા હોય છે તો ટ્રેન વ્યવસ્થા ધર્માદાથી ચલાવવી શક્ય ખરી!'

જમીનની હકીકત અને મુખોટા પાછળની ધારણા આસપાસ શંકાનું કુંડાળું બૃહદ ગુજરાતની સ્થાપનાથી આજ સુધી ફરતું રહ્યું છે. ત્યારે ગુજરાતમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર આડેથી નશાબંધી નામે એક પાંદડું હટાવી શકાય તો પોલીસ અને પ્રજા બંને માટે રાહતરૂપ બને તેમ છે. તંત્રની નિખાલસ કબૂલાતથી ગુજરાતને વર્ષે ૩૦-૩૨ હજાર કરોડની આવક થશે અને પ્રતિ વર્ષ હજારો ગરીબ ઝેરી દારૂથી મોતને ભેટતા અટકશે. ગુજરાત ઉપર ભ્રષ્ટાચારી રાજ્યનું કલંક કંઈક અંશે ઝાંખું પડશે..

સામા પક્ષે દારૂબંધીથી વ્યક્તિગત કમાણી કરતાં તંત્રવાહકોની દલીલ રહે છે, જણાવે છે કે, 'ટ્રેનમાં ૧૦ ટકા મુસાફરો વગર ટિકિટે મુસાફરી કરતા હોય છે તો ટ્રેન વ્યવસ્થા ધર્માદાથી ચલાવવી શક્ય ખરી!'

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રસ્તા વચ્ચેનો પથ્થર



એક રાજાએ પોતાના નગરના લોકોની પરીક્ષા લેવા અને મનોવૃત્તિ જાણવા એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું. એક રાત્રે તેને રાજ્યના મુખ્ય રસ્તાની વચ્ચોવચ એક મોટો પથ્થર મુકાવ્યો, અને પછી પોતે નજીકના ઝાડ નીચે વેશપલટો કરી બેસીને જોવા લાગ્યો કે તેના નગરના લોકો રસ્તાની વચ્ચે આ પથ્થર જોઇને શું કરે છે.

સવાર પડી, રસ્તા પર ચહલ પહલ વધવા લાગી .... મોટા ભાગના વેપારીઓ, અમીરો અને દરબારીઓ પથ્થરની બાજુમાંથી પસાર થઈ ગયા ...કેટલાકને આ પથ્થરથી ઠોકર વાગી તેમણે પથ્થરને દોષ દીધો... કેટલાકે પથ્થર પર લાત મારી ગુસ્સો ઠાલવ્યો ... કેટલાકે રાજા અને પ્રશાશનને દોષ દીધો કે મુખ્ય રસ્તા વચ્ચે આમ પથ્થર છે તો તેને હટાવતા કેમ નથી ??... બધાએ કોઈ ને કોઈ પ્રતિભાવ અને પ્રતિક્રિયાઓ આપી પણ સૌથી સામાન્ય અને સ્વાભાવિક પ્રતિભાવ કોઈએ ન આપ્યો ...!!

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

મુખ્ય રસ્તાની વચ્ચોવચ પથ્થર હતો અને આવતા જતા બધાને વચ્ચે આવી રહ્યો હતો ,કોઈ પથ્થરને ઓળંગીને તો કોઈ કૂદીને તો કોઈ બાજુમાંથી પસાર થી રહ્યા હતા અને પથ્થરના રસ્તા વચ્ચે હોવા વિષે બડબડ અને ફરિયાદ કરી રહ્યા હતા પણ કોઈએ પથ્થર હટાવવાની તસ્દી ન લીધી.

આમ આખો દિવસ વીત્યો ચેક સાંજે એક ગરીબ ખેડૂત માથે ઘાસનો ભારો લઈને થાકેલો ખેતરથી ઘરે જતો હતો. તેણે રસ્તા વચ્ચે આ પથ્થર જોયો અને પોતાના માથા પરનો ઘાસનો ભારો નીચે મુકતા બોલ્યો આ પથ્થર રસ્તા વચ્ચે છે બધાને નડશે કોઈને ઠોકર વાગશે આમ બોલ બોલ કરતા તેણે આજુબાજુ જોયું કોઈ દેખાતું ન હતું તેણે એકલાએ પોતાની બધી તાકાત લગાવીને પથ્થરને રસ્તાની વચ્ચેથી એક બાજુ દ્કેલ્વાની કોશિશ કરી પથ્થર બહુ ભારે હતો તેણે ઘણી મહેનત કરી પથ્થરને રસ્તા વચ્ચેથી એક બાજુમાં ઘકેલ્યો. જ્યારે તેણે પાછું વળીને પોતાનો ભારો ઉપાડ્યો, ત્યારે તેને પથ્થર જ્યાં હતો ત્યાં એક કોથળી પડેલી દેખાઈ. તેમાં સોનાના સિક્કા અને રાજાનો એક પત્ર હતો: 'આ સોનું એ વ્યક્તિ માટે છે જે પથ્થરને રસ્તા પરથી હટાવશે.'ખેડૂત આ ઈનામનો અધિકારી હતો કારણ સવાર કોઈએ પથ્થર હટાવવાની કોશિશ કરી ન હતી.

આ નાનકડી વાર્તા સરસ સમજ આપે છેકે દરેક અડચણ પાછળ એક તક છુપાયેલી હોય છે. જે લોકો ફરિયાદ કરવાને બદલે પોતાની જવાબદારી નિભાવે છે, તેને જ ઈનામ મળે છે.

શું નેપાળની હોનારત નિવારી શકાઈ હોત?

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ભૌગોલિક રાજનીતિથી ઉપર ઊઠીને સહયોગ અને સમન્વય માટે એક વ્યવહારુ માળખું તૈયાર કરવાની આવશ્યકતા

આ સપ્તાહમાં નેપાળ-તિબેટ હિમાલયન વિસ્તારમાં આવેલા વિનાશક પૂર માત્ર એક કુદરતી આપત્તિ નથી. દરેક વ્યક્તિનું કહેવું છે કે, આ પૂર આપણા બધા માટે એક ગૂઢ સંદેશ લઈને આવે છે. આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ શું હતું તેનો અભ્યાસ વૈજ્ઞાનિકો હજી પણ કરી રહ્યા છે. તાજેતરનું ઊંચું તાપમાન અને ઝડપથી બરફ પીગળવાની ઘટનાએ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હોઈ શકે છે. હંમેશાંની જેમ, વૈજ્ઞાનિકો ચેતવણી આપે છે કે, આબોહવા પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) એવી પરિસ્થિતિઓ સર્જી રહ્યું છે જે ઊંચા પર્વતોના બરફ અને ખડકોને અસ્થિર બનાવી શકે છે. . ૨૦૨૪માં તેણે અશ્મિભૂત બળતણ અને ઉદ્યોગોમાંથી થતા વૈશ્વિક સીઓ ઉત્સર્જનમાં માત્ર ૦.૦૫% જેટલો જ હિસ્સો આપ્યો હતો. આમ છતાં આટલું ઓછું કાર્બન ઉત્સર્જન ધરાવતો દેશ ગરમ થઈ રહેલી પૃથ્વીના પરિણામો સામે અતિશય અસુરક્ષિત છે. આપણે એક ક્ષેત્રમાં જે કરીએ છીએ તેની અસર છેવટે હજારો કિલોમીટર દૂર રહેતા લોકો પર પડી શકે છે.

પૃથ્વીનું એક ચોક્કસ સંતુલન અને વ્યવસ્થા છે જેને આપણે સન્માન આપવું જોઈએ. આપણી જવાબદારી માત્ર કુદરતી દુનિયામાંથી લાભ લેવાની જ નથી, પરંતુ તેમાં પહેલેથી સ્થાપિત વ્યવસ્થાને નુકસાન પહોંચાડે અથવા અસંતુલિત કરે તેવાં કાર્યોથી દૂર રહેવાની પણ છે. નેપાળની હોનારતે આ પ્રશ્નો ફરી એકવાર કેન્દ્રમાં લાવી દીધા છે. નેપાળ-તિબેટ સરહદ પર વાસ્તવમાં શું બન્યું?

નેપાળ-તિબેટ સરહદ પર ભૂકંપના પ્રારંભિક અહેવાલોથી ઘણા લોકોને લાગ્યું કે, ભૂકંપને કારણે ભૂસ્ખલન થયું, જેના લીધે આ વિનાશક પૂર આવ્યું. પાછળથી સ્પષ્ટ થયું કે, ૨૬ ઓગસ્ટની આ આપત્તિ બરફ અને ખડકોના વિશાળ હિસ્સાના ધરાશાયી થવાથી શરૂ થઈ હતી, જેના કારણે ભયાનક પૂરમાં કાટમાળ તણાઈ આવ્યો. વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે ૫,૦૦૦ મીટરની ઊંચાઈએથી બરફ, ખડક અને કાંપનો આ 'ધડાકો' ૧.૨ કિમી નીચે આવીને પડ્યો, જેનાથી નીચે વહેતી નદીને અસ્થાયી રૂપે રોકી દીધી અને એક તળાવ બનાવી દીધું. એકવાર તે તળાવ ગ્લેશિયરમાંથી નીકળેલા ભયાનક પાણીના વિશાળ જથ્થાથી ભરાઈ ગયું, પછી તે કુદરતી બંધ તૂટી ગયો અને હિંસક પૂરે નીચલા વિસ્તારનાં ગામડાઓ પર સરહદની બંને બાજુને ચપેટમાં લઈ લીધી અને તેમને કાદવમાં દાટી દીધા. પ્રારંભિક ચેતવણી આપતી સિસ્ટમ નિષ્ફળ ગઈ. સરવેલન્સ ફૂટેજમાં તિબેટમાં સવારે ૮:૩૨ વાગ્યે (સ્થાનિક સમય) પ્રારંભિક પૂરનો પ્રવાહ નોંધાયો હતો. પરંતુ ચીન દ્વારા નેપાળી સત્તાવાળાઓને ૨૬ મિનિટ પછી જ જાણ કરવામાં આવી હતી. પૂરનો વિશાળ પ્રવાહ નીચે તરફ જતાં જ ઘણાં મહત્ત્વપૂર્ણ મોનિટરિંગ સ્ટેશનો ઝડપથી નાશ પામ્યાં અથવા ડેટા મોકલવામાં નિષ્ફળ રહ્યાં. જાહેર મોબાઈલ એલર્ટ સવારે ૯:૧૩ વાગ્યે આપવામાં આવ્યા હતા, જે નીચલા વિસ્તારો માટે ખૂબ જ મોડું થઈ ગયું હતું. એક શાળાના આચાર્યે માત્ર ૧૦ મિનિટ પહેલા સીધા ફોન કોલ આવ્યા બાદ ૯૦૦ વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા, જે દર્શાવે છે કે ટૂંકી ચેતવણી પણ જીવ બચાવી શકે છે. નેપાળ આપત્તિ મોનિટરિંગ અને પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ પર ચીન સાથે વધુ સહયોગ માટે ફરીથી માંગ કરી રહ્યું છે. આ આપત્તિએ દૂરના હિમાલયન ક્ષેત્રમાં હિમનદીઓ, ગ્લેશિયલ તળાવો, ભૂસ્ખલન અને નદીઓની પરિસ્થિતિઓ વિશે બંને દેશો વચ્ચે માહિતીના સીમિત આદાનપ્રદાન અંગેની લાંબા સમયની ચિંતાઓને ઉજાગર કરી છે.

આ હોનારતના ત્રણ મહિના પહેલા જ નેપાળ અને ચીનના અધિકારીઓ પૂર, હવામાન અને ગ્લેશિયર સંબંધિત જોખમો પર સહયોગ અંગે ચર્ચા કરવા કાઠમંડુમાં મળ્યા હતા. ૨૭ મેની બેઠકમાં નેપાળ અને ચીનના તિબેટ ક્ષેત્રના અધિકારીઓ સામેલ હતા, જેમાં જોખમ ઘટાડવાના સંયુક્ત પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જેમાં ગ્લેશિયલ તળાવોની યાદી અને જોખમનું મેપિંગ સામેલ હતું. જોકે, નેપાળી અધિકારીઓએ જણાવ્યું હતું કે, બેઠક પછી તેમને અપેક્ષા મુજબની માહિતી મળી નહોતી, ખાસ કરીને ગ્લેશિયરની શરૂઆતી હિલચાલ અને પાણીના સ્તરમાં થતા ફેરફારો અંગે. ચીને કહ્યું કે, તેણે આપત્તિ પહેલાં નેપાળને ચેતવણી આપી હતી. આપત્તિના ૧૨ દિવસ પહેલા ચીનના વર્લ્ડ મેટીરોલોજીકલ સેન્ટરે નેપાળી અધિકારીઓને માહિતી આપી હતી કે, ચોમાસાનું ડિપ્રેશન આ વિસ્તારને અસર કરે તેવી શક્યતા છે અને ભારે વરસાદ તેમ જ ભૂસ્ખલન અને ફ્લેશ ફ્લડ જેવા સંભવિત જોખમોની ચેતવણી આપી હતી. જોકે, નેપાળી અધિકારીઓનું કહેવું છે કે, માહિતી મુખ્યત્વે વરસાદના પૂર્વાનુમાન અંગેની હતી, નહીં કે ગ્લેશિયર, હિમપ્રપાત, પાણીના સ્તર અથવા અન્ય અચાનક આવતા જોખમોના રિયલ ટાઈમ મોનિટરિંગ અંગેની.

ભારત માટે તેનાં રાજ્યો માટે નીચલા વિસ્તારના પૂરના જોખમો ગંભીર રહ્યા છે.

જોકે, આમાંથી કેટલીક ઘટનાઓનો તાત્કાલિક ભય હવે ટળી ગયો છે. પૂરના પાણી બિહારની ગંડક, કોસી અને ગંગા નદીઓ સુધી પહોંચ્યાં, જેના પગલે પટનાના સત્તાવાળાઓએ હાઈ એલર્ટ જાહેર કર્યું અને ખાસ કરીને વાલ્મીકિનગર બેરેજ અને સંવેદનશીલ બંધો પર પાણીના ભયજનક સ્તર પર નજર રાખવા માટે મોટા દળો તૈનાત કર્યા. નદી કિનારે રહેતા સમુદાયોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશના સત્તાવાળાઓ પણ એલર્ટ પર રહ્યા હતા, જેમાં રાજ્યના રિલીફ કમિશનર રિયલ ટાઈમમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા હતા. કારણ કે, નેપાળમાંથી ઉભરાતી નદીઓ સ્વાભાવિક રીતે ભારતીય ક્ષેત્રમાં વહે છે. આ બધું દર્શાવે છે કે આ વિનાશક ઘટનાએ ત્રણેય દેશો - નેપાળ, ભારત અને ચીનને કેટલી ગંભીર રીતે અસર કરી છે. તેથી, પ્રશ્ન એ ઊભો થાય છે કે, ભૌગોલિક રાજનીતિથી ઉપર ઊઠીને સહયોગ અને સમન્વય માટે એક વ્યવહારુ માળખું કેવી રીતે તૈયાર કરવું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

કે.બી.સી.ના એક કિન્નરની કથા-વ્યથા

તા. 28-08-26માં શુક્રવારે કૌન બનેગા કરોડપતિના મંચ પર એક કિન્નરની હોટ સીટ પર પધરામણી થઈ હતી. 25 હજારના વિજેતા એવા અવિનાશમાંથી પ્રાચી બનેલા કિન્નરની અમિતાભ બચ્ચન સાથેના વાર્તાલાપમાં એવું જાણવા મળ્યું. પાંચ વર્ષ સુધી શરીરમાં કોઈ ફેરફાર નહીં દેખાતાં એનાં પરિવારજનોએ એની પરવરિશ કરી. પછી એને ફરજિયાત હૈદ્રાબાદની કિન્નરની જમાતમાં દાખલ થવું પડ્યું. એ જે ઘરમાં રહેતાં હતાં ત્યાંથી પિતાએ જતી વખતે એવું કહ્યું હતું કે તું ભણીગણીને તારું નામ રોશન કરજે. એના પિતાનું એ વચન પૂરું કર્યું. ભણી ગણીને એ ડોક્ટર બની ગઈ. પેલા કિન્નર સમાજે ભણવા ગણવાનો ખર્ચ ઉપાડી લીધો. આજે એ ડોક્ટર બનીને આમ જનતાની સાથે કિન્નર સમાજની મફતમાં સારવાર કરે છે. કાર્યક્રમના અંતમાં એણે અમિતાભ બચ્ચનને એક અપીલ કરી તમે આ મંચ પરથી મારા પિતા સહિત મારા પરિવારને આ શુભ સમાચાર આપીને મારી સાથેના સંબંધો સાચવી લો. મને એનાથી ખુશી થશે. કહેવું જોઈએ કે અમિતાભ બચ્ચને કે.બી.સી.ના મંચ પરથી પેલા કિન્નરની ઈચ્છા પૂરી કરી. જતી વખતે એણે અમિતાભ બચ્ચનનો આભાર વ્યક્ત કર્યો.

સુરત -જગદીશ પાનવાલા

સુ.મ્યુ. કોર્પો. ના અણઘડ નિર્ણયો

પાલ સ્થિત સંજીવકુમાર ઓડિટોરિયમને લગભગ ૨૪ કરોડના ખર્ચે રીનોવેશન માટે ૧ ઓક્ટોબર, '૨૬ થી ૧૫ માસ માટે બંધ રાખવાનો નિર્ણય સુ.મ્યુ. કોર્પો.એ લીધો છે. પાલિકાની નવીનીકરણ અને વિકાસની કામગીરી આવકાર્ય છે. પરંતુ તેનું યોગ્ય આયોજન થવું જોઈતું હતું. સં.કુ. ઓડિટોરિયમ બંધ થવાને કારણે અગાઉથી બુક થયેલાં ૪૦ થી વધુ નાટકો અને મ્યુઝિકલ શો રદ કરવા પડશે. આ નિર્ણયથી સુરતનાં કલાકારો, કલાપ્રેમીઓ અને